ગાંધીનગર સમાચાર

જિલ્લાના બે ગામો આજે ‘કેશલેસ વિલેજ’ની ઓળખ મેળવશે

# ગ્લોબલ ટ્રેડ-શોમાં ૧૫૦૦ કંપનીઓ જોડાશે

**ગ્લોબલ ટ્રેડ શોનુ ૯ મી એ પ્રધાનમંત્રી ઉદઘાટન કરશે : ૧.૫૦ ચો.મી. જગ્યામાં ૧૪ ડોમમાં ભવ્ય પ્રદર્શન : ૮૦ દેશોના પ્રતિનિધિઓ સહીત ૧૫ લાખથી વધુ મુલાકાતીઓ આવશે : પ્રદર્શન વિસ્તારમાં ૧૫૦૦ સ્ટોલ્સ : ૧૫૦ હોટસ્પોટ સાથે ફ્રી વાઇફાઇ સુવિધા : સલામતીના ભાગરૂપે ૩૫૦ સીસીટીવી કેમેરા : પ્રતિનિધિ મંડળ માટે ગોલ્ફ કાર્ટ અને બેટરી સંચાલિત વાહનોની વ્યવસ્થા : ૧૨ અને ૧૩ જાન્યુઆરી આમ નાગરિકો માટે પ્રદર્શન ખુલ્લુ મુકાશે**

## ગ્લોબલ ટ્રેડ શોમાં જુદા જુદા બેન્ડ સંગીતની સુરાવલિ રેલાવશે

### છથી વધુ રાજયોના હેન્ડીક્રાફટસનું વેચાણ પણ આગવું આકર્ષણ બનશે

ગાંધીનગર, તા.૧

સે-૧૭ ખાતે યોજાનાર ગ્લોબલ ટ્રેડ શોમાં સાંજના સમયે જુદા જુદા બેન્ડ દ્વારા સંગીતની સુરાવલિઓ રેલાવવામાં આવશે જે એક આગવું આકર્ષણ આ ટ્રેડ શોનું હશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અરોસ્પેશ અને ડિફેન્સ માટે ઉભી કરાયેલ અલાયદા સ્થાન ઉપરાંત ટ્રેડ શોમાં સે-૧ અને ૨ની વચ્ચેની જે સ્પેશ છે તેમાં આ સંગીતની સુરાવલિઓ અલગ અલગ બેન્ડ દ્વારા સાંજે ૫ થી ૭ રેલાવવામાં આવશે.

એરફોર્સ, નેવી અને બીએસએફ તેમજ પોલીસ બેન્ડ દ્વારા આ સંગીતની સુરાવલિઓ રેલાવવામાં આવશે. આ માટેનું આયોજન તેના આખરી તબક્કામાં છે અને તેની વિધિવત ઘોષણા પણ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર









ગાંધીનગર તા ૧

વાઈબ્રન્ટ ગુજરાતના આઠમા ટ્રેડ શો નુ આગામી તા ૯ જાન્યુઆરીના રોજ પ્રધાનમંત્રી ઉદઘાટન કરશે. સે-૧૭ખાતે ૧.૫૦ લાખ ચો મી ના વિસ્તારમાં યોજાનારા ગ્લોબલ ટ્રેડ શોમાં વિવિધ ૧૨ દેશો ભાગીદાર બન્યા છે. જયારે ૮૦ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે.ટ્રેડ શો માં ૧૫૦૦ જેટલા સ્ટોલ્સ રહેશે જયારે ૨૫ થી વધુ સેકટરોની ૧૫૦૦ કંપનીઓ ભાગ લેશે. પોર્ટુગલના પી એમ અને કેનિયાના પ્રેસિડન્ટ સહીત જાપાન અને સ્વીડનના મંત્રીઓ પણ ટ્રેડ શોમાં હાજરી આપશે. ચાર દિવસ દરમિયાન આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ સહીત ૧૫ લાખ જેટલા મુલાકાતીઓ ગ્લોબલ ટ્રેડ શો ની મુલાકાત લેશે તેમ આજે મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાંવ્યુ હતુ.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો -૨૦૧૭ અંગે માહીતી આપતા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાંવ્યુ હતુ કે વર્ષ ૨૦૦૩ થી દર બે વર્ષે વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવે છે. પ્રથમ તબક્કે ૩ હજાર ચો મી પ્રદર્શન વિસ્તાર હતો. જયારે હાલ ૧.૫૦ લાખ ચોમી જગ્યામાં પ્રદર્શન યોજાશે.ગુજરાત સ્તરેથી હવે ગ્લોબલ ટ્રેડ શોનુ આયોજન વૈશ્વિક કક્ષાનુ બની ગયુ છે. આગામી ટ્રેડ શો માં પણ ૧૨ દેશો ભાગીદાર બન્યા છે. જેમાં યુ એસ એ,યુ કે, જાપાન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સ્વીડન, ડેનમાર્ક તેમજ શિંગાપુર સહીતના દેશોનો સમાવેશ થાય છે. આ ગ્લોબલ ટ્રેડ શો માં ૮૦ દેશોના પ્રતિનિધિઓ ભાગ લેશે. જેમાં કેનિયાના પ્રેસિડન્ટ,પોર્ટુગલના પ્રધાનમંત્રી રશિયા અને પોલેન્ડના નાયબ પ્રધાનમંત્રી ઉપરાંત સ્વીડન અને જાપાનના મંત્રીઓ હાજરી આપશે. આઠમા ગ્લોબલ ટ્રેડ શો નુ આગામી તા ૯ જાન્યુારીના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉદઘાટન કરશે. આ દરમિયાન વિવિધ દેશોના ૧૫૦૦ પ્રતિનિધિઓ હાજરી આપશે. ટ્રેડ શોમાં ઉદ્યોગી સંસ્થાઓ ,કોર્પોરટ હાઉસ તેમજ રાજય અને કેન્દ્ર સરકારની જાહેર ક્ષેત્રની સંસ્થાઓ પણ ભાગ લેશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુણોત્સવની તારીખોને મુદ્દે કચવાટ

**ઉત્તરાયણ પછી તુરંત જ તારીખો રખાતાં બાળકોની ગેરહાજરીનો ભય : ૧૩મી સુધી બધા વાયબ્રન્ટ-૧૭માં વ્યસ્ત અને બે દિવસ બાદ જ ગુણોત્સવનું આયોજન રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાસ્પદ બન્યું છે**

ગાંધીનગર, તા.૧

ગુણોત્સવ-૧૭ની રાજય સરકારે કરેલી ઘોષણા પછી બાળકોની હાજરી અંગે શૈક્ષણિક સંસ્થાઓમાં ગભરાટની લાગણી જોવા મળી રહી છે.

૧૪મીએ બીજો શનિવાર છે તેમજ મકરસંક્રાંતિ (ઉત્તરાયણ)ની રજા છે. ૧૫મીએ રવિવારની રજા છે અને ૧૬મીથી ગુણોત્સવનો પ્રારંભ થવાનો છે. બાળકો પતંગ પર્વ મનાવવામાં મસ્ત હશે ત્યાં તો આ તારીખો કેવી રીતે નિયત કરવામાં આવી તેની શિક્ષણ જગતમાં ચર્ચાઓ જાગી છે.

૧૩મી સુધી તંત્ર વાયબ્રન્ટ સમીટમાં વ્યસ્ત હશે અને જિલ્લાને પણ જુદી જુદી જવાબદારીઓ સોંપાયેલી છે. ઉપરાંત અધિકારીઓ અને પદાધિકારીઓ પણ વાયબ્રન્ટમાં વ્યસ્ત હશે ત્યારે તારીખો જાહેર કરવામાં કોઈ ઉતાવળ કરવામાં આવી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

સરકારે ગુણોત્સવ માટે ત્રણવાર તારીખોમાં ફેરફાર કર્યો પણ તેમાં શિક્ષણના અધિકારીઓ કે તંત્રને વિશ્વાસમાં લેવાયા નહિ હોવાની વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# હવે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું ગ્રેડીંગ કરાશે : ભૂપેન્દ્રસિંહ

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં હવે પ્રાથમિક શાળાઓની જેમ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ ગુણોત્સવ યોજી ગ્રેડીંગ સિસ્ટમ દાખલ કરવામાં આવશે.

રાજયના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે અવિધિસરની વાતચીતમાં આ અંગેના નિર્દેશ આપતાં જણાવ્યું હતું કે ગુણવત્તાસભર શિક્ષણ તમામ સ્તરે ઉપલબ્ધ બને તે સરકારનો હેતુ છે.

તેમણે જણાવ્યું હતું કે ગ્રાન્ટ ઈન એઈડ, ખાનગી તેમજ સરકારી શાળાઓને પણ આવરી લેવામાં આવશે. ગ્રેડીંગની પ્રથા માટે શું શું અને કયા કયા પ્રકારના માપદંડ રાખવા તે અંગે હાલ વિચારણા ચાલી રહી છે. તેમણે કહ્યું કે પ્રાથમિક શાળાઓનો ગુણોત્સવ સંપન્ન થયા પછી આ દિશામાં આગળ વધવામાં આવશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે કદાચ અમે તેની તારીખો આખરી કરી દેશું.

શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગ્રેડીંગ અપાયા બાદ તેમાં પણ ગુણવત્તા સુધારણાનું અભિયાન હાથ ધરવામાં આવશે. આ માટે પણ વિભાગ દ્વારા અલગથી આયોજન કરવામાં આવશે.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખાનગી, ટ્રસ્ટ સંચાલિતો ગ્રાન્ટ ઈન એઈડ તેમજ સરકારી શાળાઓનું એક સાથે ગ્રેડીંગ કરવામાં આવશે જેના કારણે શિક્ષણમાં સ્પર્ધાનું તત્વ વધશે અને તેનો ફાયદો સમાજને થશે. આ માટેની પધ્ધતિને આગામી સપ્તાહમાં આખરી કરી દેવાશે. ગ્રેડીંગ માટે બે થી ત્રણ પધ્ધતિઓના વિકલ્પ પર વિચારણા ચાલી રહી છે.

**જાહેર નિવિદા નં.૫ સને ૨૦૧૬-૧૭**

**(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ, નં.૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેકટર-૧૬, ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬, ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા ૧૦ કામોની અંદાજીત કિંમત રૂ. ૨૮,૬૮૪-૦૦ થી રૂ. ૯૯,૫૬૦-૭૫ સુધી છે. આ માટે ઈ-૨ ક્લાસ તથા ઉપરની શ્રેણી નોંધણી ધરાવનાર વિદ્યુત ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર વેચાણ તા. ૯/૧/૨૦૧૭ સુધી બપોરના ૪.૦૦ વાગ્યુ સુધી આપવામાં આવશે. ભરેલ ટેન્ડરો આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૧૬/૧/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન મોકલવાના રહેશે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નિવિદા અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૩૪૫/૧૬-૧૭

# જિલ્લાના બે ગામો આજે ‘કેશલેસ વિલેજ’ની ઓળખ મેળવશે

ગાંધીનગર, તા.૧

રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આજે ગાંધીનગર જિલ્લાના પ્રથમ બે ગામ જે કેશલેસ બન્યા છે તેમને ‘ડિજીટલ વિલેજ’ તરીકેની ઓળખ આપશે.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે અનુ. જાતિ પૈકી અતિ પછાત જાતિના લાભાર્થીઓને યોજનાકીય લાભોના વિતરણ સમારોહ બાદ જિલ્લા તંત્ર દ્વારા યોજાયેલ એક સાદા સમારોહમાં મુખ્યમંત્રી શ્રી રૂપાણી દ્વારા આ જાહેરાત કરવામાં આવશે.

જિલ્લામાં માણસા તાલુકાનું ગુલાબપુરા અને ગાંધીનગરનું દોલારાણા વાસણા ગામને ‘કેશલેસ વિલેજ’ તરીકે ઘોષિત કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગુલાબપુરા ગામ માટે દેના બેંકે લીડબેંક તરીકે સૌ પ્રથમ તેને જાહેર કરવા માટેની કાર્યવાહી કરી હતી અને તે ગામને વાઈ ફાઈની સુવિધાથી પણ સાંકળી લેવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે દોલારાણા વાસણા ગામે તાજેતરમાં જ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓ સંયુકત મુલાકાત લઈ અને સ્થાનિક રહીશો સાથે બેંક અધિકારીઓની હાજરીમાં બધી જ પૂર્તતાઓ માટેની કરી દેવામાં આવી છે.

જિલ્લામાં પ્રથમ બે ગામ કેશલેસ બની રહ્યા હોવાથી તંત્રમાં પણ ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર

આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ

દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.

એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮

સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com